# હાદી
માસિક

બાળકો અને નવયુવાનો માટે

રબીઉલ અવ્વલ / રબીઉસ્સાની,
હીજરી સન ૧૪૩૫,
ફેબ્રુઆરી - ૨૦૧૪

અંક ૬૪






રૂા. 30/-

# દુઆ કબુલ થવાની શરતો

૧૦ દુઆ અલ્લાહની સુન્નત પ્રમાણે (અલ્લાહ એ જે વ્યવસ્થા ગોઠવી છે તેને અનુકુળ જ) કરવી.

દુઆનો અર્થ પ્રકૃતિ (નેચર) સૃષ્ટી-સમાજ અને ઈતિહાસમાં બાધા ઉભી કરવાનો - પ્રતિકુળતા ઉભી કરવાનો નથી. અલ્લાહ એ આ સૃષ્ટીના સુચારૂ-રૂપે સંચાલનની જે વ્યવસ્થા ગોઠવી છે તેમાં કોઈ ફેરફાર થઈ શકે નહીં.

એટલે કે દુઆ કરવાવાળાએ જે બાબતો સમાજ-ઈતિહાસ- પ્રકૃતિ અને સૃષ્ટીને પ્રતિકુળ હોય અને અલ્લાહની આજ્ઞાથી વિરૂધ્ધની હોય તેવી બાબતો અંગે યાચના કરવી જોઈએ નહીં.

હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.ને પુછવામાં આવ્યું કે "કઈ દુઆ સૌથી વધારે ગેરમાર્ગે દોરનારી હોય છે ?" આપ અ.સ.એ ફરમાવ્યું "જે બાબત થવાની શકયતા જ ન હોય તેવી બાબતની યાચના કરવી તે" (બિહારૂલ અનવાર ભા.૯૩ પા.નં.૩૨૪)

હઝરત અલી અ.સ.થી રિવાયત છે કે "હે યાચના કરનાર! જે બાબત અશક્ય હોય અને જે બાબત બનવી દુષ્કર હોય એવી બાબતની યાચના કરીશ નહીં."

અને આ બાબત અંગે જ કુરઆન મજીદમાં છે કે "ઈન-તસ્તગફિર લહુમસબઈના-મર્રતન-ફલે યગફેરલ્લાહો-લહુમ" અર્થાત : (તેઓ) સિત્તેર વખત ગુનાહની માફી માંગે (ઈસ્તિગફાર કરે) તો પણ ખુદા તેમને માફ કરશે નહીં. (સુરએ તૌબા આયત-૮૦)

નોંધ : "માલભાયકૂના" જે બાબત અશક્ય હોય. એટલે કે સમાજ-પ્રકૃતિ સૃષ્ટી અને અલ્લાહએ નિયત કરેલ સિધ્ધાંતમાં ફેરફારની યાચના કરવી તે.

"માલાયહીલા" : જે બાબત હલાલ ન હોય તે એટલે કે માનવ જીવનમાં અલ્લાહના પ્રસ્થાપિત કાયદા-કાનુનો (શરીઅત)નો વિરોધ કરવો - તેવી દુઆ કરવી.



بسم الله الرحمن الرحيم


## રબીઉલ અવ્વલ / રબીઉસ્સાની, હીજરી સન ૧૪૩૫, ફેબ્રુઆરી - ૨૦૧૪



**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

**મુખ્ય તંત્રી :**

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

**કાર્યવાહક તંત્રી :**

**સૈયદ મોહમ્મદ અખ્તર**

**સહાયકો :**

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

**અનુવાદક :**

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

**શુષોભન :**

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org


## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !　　　　અસ્સલામો અલયકુમ !

રબીઉલ અવ્વલ માસનું આગમન થઈ ગયું છે. આ માસ આપણા માટે બેવડી વસંતો લઈને આવ્યો છે અને આ માસમાં આપણને બેવડી ઈદ પ્રાપ્ત થઈ છે.

સરવરે કાએનાત (સ.અ.વ.)ના ઈદેમીલાદના દિવસે જ આપણાં છઠ્ઠા ઈમામ (અ.સ.)ની વિલાદતનો દિવસ છે. સંસ્થા આપ સર્વેની સેવામાં મુબારક પ્રસંગોની મુબારકબાદી પાઠવે છે.

આ મહિનામાં જ આપણાં અગ્યારમા ઈમામ (અ.સ.)ની શહાદત પણ છે. ઈમામની શહાદત પર અમે દિલસોજી પાઠવીએ છીએ.

આ મહીનાની એક વિશિષ્ઠતા એ પણ છે કે આ મહીનામાં જ આપણાં હાજર ઈમામ – ઈમામે ઝમાના (અજ.)ને ઈમામતનો તાજ મળ્યો હતો.

કેમકે આ મહીનામાં જ માનવતાના પયગમ્બરની કૃપા વરસાવનાર હસ્તી પ્રગટ થઈ હતી તેથી આપણે એ વાતની તકેદારી રાખવી જોઈએ કે અમે તેમની શીખ (તાલીમ) ઉપર અમલ કરીને ખુશી અને પ્રસન્નતા પ્રાપ્ત કરીએ. તેમની વિલાદત ઉપર આપણે ખુશી મનાવીએ છીએ પરંતુ એમની શીખ (તાલીમ) ઉપર અમલ કરીશું તો આપણે તેમની પ્રસન્નતાનું કારણ બનીશું. એટલે આપણે એવુંજ વર્તન કરવું જોઈએ જેમાં આપણી પણ પ્રસન્નતા હોય અને તેઓ (સ.અ.વ.)ની ખુશી પણ તેમાંજ સમાએલી હોય.

વહાલા બાળકો ! આગામી મહીનાઓમાં તમારી પરીક્ષા આવવાની છે. તેથી ખુબ મહેનતથી મન લગાડીને અભ્યાસ કરજો – અને પરીક્ષામાં સારા ગુણ સાથે ઉત્તીર્ણ થઈ પોતાના માતા-પિતા માટે પણ સુખ શાંતિ અને ગર્વનું કરાણ બનજો અને પોતાની કોમનું માથું પણ ગર્વથી ઉન્નત કરજો. કેમકે ઈતિહાસમાં કોમો પોતાના જ્ઞાન અને હુનરથી જ ઓળખાય છે અને જ્ઞાન અને હુનર જ શાશ્વત જીવનની ગેરંટી છે.

વસ્સલામ


**વાર્ષિક લવાજમ**
**રૂા. ૩૦૦/-**




# હ. ઝૈનબ સલા.
# દ્વારા અત્યાચારનો સામનો

જનાબ ઝૈનબ સલા. એ ભરેલા દરબારમાં યઝીદને એવી રીતે સંબોધ્યો અને તેના અત્યાચારોને એવી રીતે ઉઘાડા પાડી દીધા કે યઝીદ પાસે જવાબના શબ્દો પણ રહ્યાં નહીં. ઝૈનબ સલા. એ કહ્યું કે "આ પરિસ્થિતિએ મને તને સંબોધવા મજબુર કરી છે. અન્યથા તારી સાથે વાત કરવાને પણ હું મારૂં અપમાન ગણું છું. મારી દૃષ્ટીમાં તારી હૈસીયત અત્યંત તુચ્છ છે. પાઈની પણ તારી કિંમત નથી. પરંતુ તને અપમાનિત કરવો તે મારા માટે મોટી વાત છે. હે યઝીદ તેં જે કાંઈ


E-mail : hadimasik@yahoo.com

કર્યું છે તે તને જ ભારે પડશે. કેમકે તે પોતાની જ ચામડી ઉતરડી છે. અને પોતાના જ માંસના લોચા કાઢયાં છે. હે યઝીદ ! તારા આ દેખાવ માત્રના વિજયનું અભિમાન ન કર! કેમકે જે લોકોને તું પરાજિત અને મૃત સમજી રહ્યો છે તેમના માટે તો ખુદાવન્દે આલમે કુરઆનમાં ઘોષણા કરી છે કે મારા કાજે શહાદત વહોરનારાઓ મૃત નથી પરંતુ (તે તો) જીવિત (હોય) છે. હે યઝીદ ! તને લોકોના માથે ઠોકી બેસાડનાર કયામતના દિવસે જાણી લેશે કે તેણે કેટલો ખરાબ ઉત્તરાધિકારી નિયુક્ત કર્યો હતો. અને (તમે પણ કયામતના દિવસે જાણી લેશો કે) તમારું પરીણામ કેટલું ખરાબ થવાનું છે.



السلام على قلب زينب الصبـــــــــور



# હ. ઝૈનબ સલા.નું બલિદાન અને નિઃસ્વાર્થ ત્યાગ

હઝરત ઝૈનબ સલા.એ કરબલામાં બંદી અવસ્થામાં નિસ્વાર્થ ત્યાગના એવા દૃષ્ટાંતો પુરા પાડયા છે કે જે આજે પણ કયાંય નથી જડતા. દા.ત. સૈયદ સજ્જાદની સ્થિતિ બગડવા લાગી તો તેમને સાંત્વના આપી-બાળકોને મારવા માટે કોરડા વીંઝવામાં આવ્યા તો પોતાની જાતને આગળ ધરીને પોતાના શરીરે એ કોરડા ઝીલી લીધાં. - બંદી અવસ્થામાં અન્ય સન્નારીઓ અને બાળકોને પાણી પીવડાવીને પોતે તરસ્યા રહેતાં હતાં. ભોજનમાંથી પોતાનો ભાગ બીજાને આપી દેતાં હતાં. આ તમામ જનાબ ઝૈનબના નિઃસ્વાર્થ ત્યાગના એવા અનન્ય દૃષ્ટાંતો છે કે જેની જોડ વિશ્વના ઈતિહાસમાં કયાંય જડતી નથી. અને આ હકીકતને સ્વીકાર કરતાં ઈમામ સજ્જાદ અ.સ.એ. ફરમાવ્યું છે કે “અમે બંદી હતાં ત્યારે અમને દરેકને ખાવા માટે એક જ ટંક એક જ રોટલી આપવામાં આવતી હતી. અને (તેથી) મારા ફોઈ જનાબ ઝૈનબ સલા. પોતાના ભાગની એક માત્ર રોટલી પણ બાળકોમાં વહેંચી દેતા હતાં. (સંદર્ભ : શા-સરઝમીને ખાતેરાહા-નામના પુસ્તકમાંથી પા.નં. ૧૭૫)

જનાબ ઝૈનબ સલા.ના ત્યાગનું એક જવલંત ઉદાહરણ એ પણ છે કે કરબલામાં અને તે પછી આપે પોતાના ભાઈ ઉપરની મુસીબતો હઝરત અલી અકબર અ.સ. અને જનાબ અબ્બાસ અલમદાર અ.સ. વિગેરેનો શોક મનાવીને રૂદન કર્યું હતું. પરંતુ પોતાના પુત્રોનો શોક મનાવીને કદીયે રડયાં નહોતાં એટલે કે પોતાના દુઃખને બાજુ પર હડસેલી દઈને બીજાઓના દુઃખમાં ભાગીદાર થતાં હતાં.



E-mail : hadimasik@yahoo.com

# હ. ઝૈનબ સલા.

# દ્વારા અલ્લાહની આજ્ઞાઓનું પાલન (તાબેદારી) અને ઈબાદત



જનાબ ઝૈનબ સલા. ખુદાની ઈબાદતની બાબતમાં પણ એક મહાન દરજ્જા સુધી પહોંચેલા હતાં અને તેથી ઈમામ હુસૈન અ.સ.એ પોતે પણ પોતાના અંતીમ સમયે જનાબ ઝૈનબ સલા. તેમને પોતાને નમાઝે શબમાં યાદ રાખે (તેમના માટે દુઆ કરે) તેવી ઈચ્છા વ્યક્ત કરી વિનંતી કરી હતી. અને સૈયદે સજ્જાદ અ.સ.એ પણ ફરમાવ્યું છે કે "મારા ફોઈ (જનાબ ઝૈનબ સલા.)એ કૂફા અને શામ(સીરિયા)માં પોતાની બંદીવાન અવસ્થામાં પણ દરેક ફરઝ અને નિફલ આઅમાલ અદા કર્યા હતાં. (રિયાહીનુશ્શરીઆ-ભાગ.૩ પા.૩૭૬) અને એ સ્પષ્ટ છે કે જ્યારે કોઈ વ્યક્તિ ઈબાદત અને અલ્લાહની આજ્ઞાઓના પાલનની બાબતે આટલા ઉચ્ચ સ્થાને બિરાજમાન થઈ જાય તો તેવા વ્યક્તિ અંગે હદીસે કુદસીમા ખુદાનો હુકમ છે કે "હે મારા દાસ (બંદા તું હું જે કાંઈ કહ્યું તે પ્રમાણેનો થઈ અને મારી દરેક આજ્ઞાનું પાલન કર તો તને એવો બનાવી દઈશ. (હું તને એવી શક્તિઓ આપી દઈશ) કે જે તું કહેશે તે થઈ જશે." (બિહાર-ભા-૯૩-પા.૩૮૬) અને એજ કારણ છે કે જ્યારે કૂફામાં તમાશો જોવા એકત્ર થયેલ મોટી ભીડના અત્યંત વધારે શોર બકોર વચ્ચે જ્યારે કોઈ એક બીજાને સાંભળી પણ શકતો નહતો તે પરિસ્થિતિમાં જનાબ ઝૈનબ સલા.એ સંબોધન કરવા જ્યારે લોકોને શાંત થઈ જવા ઈશારો માત્ર કર્યો કે તરત જ એવી શાંતિ છવાઈ ગઈ કે જાણે લોકોના શ્વાસ થંભી ગયાં હોય. (બિહાર ભાગ-૫, પા.૧૦૮-૧૬૨)



## હ. ઝૈનબ સલા.નું

# ધૈર્ય અને ઈમાન (અલ્લાહ ઉપરની શ્રધ્ધા)

જનાબ ઝૈનબ સલા.એ ધૈર્ય અને અલ્લાહ પ્રત્યેની પોતાની સંપુર્ણ અને અવિચલિત શ્રધ્ધાનું જે દ્દષ્ટાંત રજુ કર્યું છે તે ખરેખર અનન્ય છે. દા.ત. કેદીઓને જ્યારે શામ તરફ લઈ જવામાં આવ્યા ત્યારે પોતાના ભાઈ ઈમામ હુસેન અ.સ.ના મૃતદેહ ઉપરથી પોતે જ પત્થર હટાવી પોતાના બંને હાથો વડે ઈમામ હુસૈન અ.સ.ના મૃતદેહને ઉંચકીને ખુદાની બારગાહમાં અર્જ ગુજારી હતી કે "હે મારા માલિક અમારા આ બલીદાનનો સ્વીકાર કર !" - એવી જ રીતે ઇબ્ને ઝિયાદના દરબારમાં જ્યારે કહેવામાં આવ્યું કે અલ્લાહે તમારા ભાઈના જે હાલ હવાલ કર્યા તે તમને કેવા લાગ્યા?" ત્યારે જનાબ ઝૈનબ સલા.એ સંપુર્ણ ધૈર્ય સાથે જવાબ આપ્યો "ખુદાના સમ ! અમને અમારા પરવરદિગાર પાસેથી હંમેશા ભલાઈ જ મળી છે અને મારા ભાઈ તો એવા પુરૂષ હતાં કે ખુદાએ તેમના માટે આ મહાન બલીદાન જ નિયત કર્યું હતું અને હવે તે પોતાની સુખ શાંતી (આરામ)ના સ્થળે ચાલ્યાં ગયાં છે. (ઝબીહુલ્લાહ નામના પુસ્તકમાંથી પા.નં.૫૪) ધૈર્ય તો જનાબ ઝૈનબ સલા. સમક્ષ શરમ અને લાજ અનુભવે છે. માનવ ઈતિહાસમાં આપના જેવા ધૈર્યવાન જડે તેમ નથી. જો આપે આ ધૈર્યનું પ્રદર્શન ન કર્યું હોત તો ઈમામ હુસૈન અ.સ. અને આપના સાથીઓની શહાદત વ્યર્થ જાત !!



E-mail : hadimasik@yahoo.com




# હ. ઝૈનબ સલા.ની પવિત્રતા

આપને પોતાની પવિત્રતાની એટલી બધી ચિંતા અને દરકાર હતી કે બંદીઅવસ્થામાં પોતાના અને અન્ય સન્નારીઓ માટે ઓઢણીઓની જ માંગણી કરતાં હતાં અને સમગ્ર રસ્તામાં પોતાના વાળો વડે જ પોતાના ચહેરાને સંતાડી રાખ્યો હતો. આ પ્રસંગોનું વર્ણન કરવાવાળાઓએ લખ્યું છે કે સમગ્ર માર્ગમાં તમાશો જોવા આવતા ભીડને રડતાં-રડતાં આપ સતત એવું જ કહેતાં “પોતાની આંખો બંધ નથી કરી લેતાં” તેવી જ રીતે દરબારે યઝીદમાં પણ જનાબ ઝૈનબ સલા.એ સૌથી પહેલા એવોજ વિરોધ પ્રદર્શિત કર્યો કે “હે અમારા પુર્વજોએ આઝાદ કરેલ દાસીના પુત્ર! શું એ ન્યાય છે કે તારી સ્ત્રીઓ અને દાસીઓ પરદાની પાછળ હોય અને રસુલે ખુદા સ.અ.વ.ની દિકરીઓને તું ઉઘાડે માથે અને ચહેરે આમ તેમ ફેરવતો રહે. (મકતલે હુસેન ખ્વારઝમી)



# હ. ઝૈનબ સલા.નો
# જીવનભરનો વિરોધ

જનાબ ઝૈનબ સલા.એ કેદમાંથી આઝાદ થયાં પછી શામ(સીરિયા)માં જ ત્રણ દિવસ સુધી ઈમામ હુસૈન અ.સ. ઉપર થયેલ અત્યાચારોના વર્ણન અને સત્યને પ્રકાશમાં લાવવા માટે મજલિસો યોજીને સંબોધી હતી. અને યઝીદ અને તેના સાથીદારોને એટલી હદ સુધી બદનામ કરી મુકયા કે અબુસુફયાન (યઝીદના દાદા)ના કુટુંબની એવી કોઈ સ્ત્રી નહોતી કે જેણે આ મજલિસોમાંથી ઘરે પરત આવ્યા પછી પણ ઈમામ હુસૈન અ.સ.ની શહાદત અને તેમના ઉપર થયેલ અત્યાચારોના શોકમાં રૂદન ન કર્યુ હોય અને જનાબ ઝૈનબ સલા.નો સત્કાર ન કર્યો હોય. (તારીખે તિબરી ભા-૩-પાન.૩૩૯ સને-૧૪૦૮ની આવૃતિ)

તેવી જ રીતે સમગ્ર રસ્તામાં મરસિયાઓના માધ્યમથી કરબલાને જીવંત રાખી અને ઈમામ હુસૈન અ.સ.ની મઝલુમિયતને તદ્દન સ્પષ્ટ રીતે રજુ કરી હતી. અને એવી રીતે યઝીદ અને તેના સાથીદારોની યોજનાઓને ધુળધાણી કરી દીધી. અને લોકમાનસમાં યઝીદીયત અને હુસેનીયતના ચિત્રને તદ્દન સ્પષ્ટ કરી દીધું. (બિહાર-૪૫-૧૦૮-૧૬૨)

તેવી જ રીતે મદીના પરત આવ્યા પછી પણ જનાબ ઝૈનબ સલા. શાંત બેસી રહ્યાં નહોતા. અને પોતાના ભાષણો વડે લોકોને યઝીદના શાસન વિરૂધ્ધ ઉશ્કેરતા રહ્યાં હતાં. તેથી જ તો યઝીદના હુકમથી બે વખત જનાબ ઝૈનબ સલા.ને શામ(સિરીયા) બોલાવી લઈને યઝીદે પોતાની દ્રષ્ટી સમક્ષ રાખ્યા હતાં.




અને છેવટે ઈમામ હુસૈન અ.સ.ની શહાદતના ૧૮ માસ પછી કરબલાના દુઃખો, ઘાવ અને મુસીબતોને સહન ન કરી શકવાથી મુસીબતોના આ કાઅબાએ શામ (સિરીયા)માં જ બીમાર થઈ જઈને જગતને જગાડીને આપ પોતે પોતાની અંતિમ ઉંઘમાં સરી પડયા. એક એવો પણ મત છે કે આપને પણ ઝેર આપીને શહીદ કરવામાં આવ્યાં હતાં. (જુદા-જુદા પુસ્તકોમાંથી ચુંટી કાઢેલ વર્ણનોને આધારે તદ્ઉપરાંત મુન્તખબુત્તવારીખ પા.૬૭ અને ઝૈનબુલ કુબરા નામનું પુસ્તક પા.૫૯૨)

જનાબ ઝૈનબ સલા.ની બીકને કારણે આજે પણ શત્રુઓ આપના રોઝાની પાછળ પડી ગયા છે. હે ખુદા! આ યઝીદીઓ અને તકફીરીઓને તેમના ધ્યેયમાં નિષ્ફળ બનાવીને આલે અત્હાર અ.સ.ના રક્ષકો અને તેમના બચાવ કરનારાઓને સફળતા આપ !!

- આમીન !!!






# ચાર પ્રકારના ભાઈ

**હઝરત ઈમામ હુસૈન અ.સ.નો ઈર્શાદે ગિરામી છે કે ભાઈ ચાર પ્રકારના હોય છે.**

**(૧) પોતાના માટે અને તમારા માટે**
**(૨) ફક્ત તમારા માટે**
**(3) ફક્ત પોતાના માટે જ**
**(૪) ન તો પોતાના માટે કે ન તો તમારા માટે**

**પ્રથમ પ્રકારનો ભાઈ :** એ ભાઈ જે પોતાના માટે અને તમારા માટે બંને માટે લાભદાયક હોય. જે બંધુત્વ વડે બંધુત્વની ભાવના જીવિત રાખે. ન કે બંધુત્વનું મૃત્યુ - આ ભાઈ તમારૂં પણ ભલું ઈચ્છે છે અને પોતાનું ભલું પણ ઈચ્છે છે કેમકે  જો બંધુત્વની ભાવનાની ગાંઠ મજબૂત હશે તો બંનેના જીવન ખુશહાલ હશે અને જો બંધુત્વની ભાવનામાં તિરાડ પડી જશે તો બંનેના જીવન દુઃખમય બની જશે.


E-mail : hadimasik@yahoo.com



**બીજા પ્રકારનો ભાઈ :** તે ફક્ત તમારૂં જ ભલુ ચાહે છે. તેણે પોતાના મનને (ઈચ્છાઓને) લાલચના ફંદામાંથી મુક્ત કરાવીને પ્રેમની જાળમાં જકડી લીધેલ હોય છે. તે બંધુત્વની ભાવના વડે દુન્યાની લાલચ નથી રાખતો. ફકત તમારૂં જ કલ્યાણ ઈચ્છે છે.

**ત્રીજા પ્રકારનો ભાઈ :** એ ભાઈ જે તમારા માટે નુકશાનકારક અને કષ્ટદાયક હોય છે. તે હંમેશા એવી તક જ શોધતો રહે છે કે તમે ક્યારે કોઈ આફતમાં સપડાઈ જાવ. તે તમારી હાજરીમાં અને ગેરહાજરીમાં (તમારી રૂબરૂ અને તમારી પીઠ પાછળ) એક સરખું વર્તન કરતો નથી. (તમારી હાજરીમાં અને તમારી રૂબરૂમાં તો તમારાથી પ્રેમ અને તમારૂં ભલું ઈચ્છવાનો દેખાવ કરે છે. પરંતુ તમારી ગેરહાજરીમાં અને તમારી પીઠ પાછળ તમારી સાથે દુશ્મનાવટ રાખે છે.) અને મિત્રો અને સગાસંબંધીઓ વચ્ચે તમારી ઉપર ખોટી આળ મૂકે છે અને તમારા ઉપર ઈર્ષાળુ દૃષ્ટિ રાખે છે. તેથી તેની પર ખુદાની લાનત હજો.

**ચોથા પ્રકારનો ભાઈ :** એ છે જે ન તો તમારી ભલાઈ ઈચ્છે છે કે ન તો પોતાનું ભલુ ઈચ્છે છે. જે મુર્ખ હોય છે. ખુદાએ જેને મુર્ખતાથી ભરીને પોતાની રહેમતથી વંચિત કરી દીધો છે. તેના વિશે તમે એવો અનુભવ કરશો કે તે હંમેશાં પોતાને બીજાઓથી શ્રેષ્ઠ સમજે છે અને જે તમારી પાસેથી લાલચ જ રાખે છે.



# માન-મરતબો અને ગુણજ્ઞાનતા - ઈમામ હુસૈન અ.સ.ની દ્રષ્ટીએ

શેખ અબૂ મુહમ્મદ-બિન-કઅલ-બિન-શઅબા પોતાના પુસ્તક "તોહફૂલઉકૂલ"માં લખે છે કે : "અન્સારનો એક વ્યક્તિ ઈમામ હુસૈન અ.સ.ની સેવામાં ઉપસ્થિત થયો અને આપ પાસે પોતાની યાચના રજુ કરવા માંગતો હતો. ઈમામ અ.સ.એ તેને ફરમાવ્યું "ભાઈ ! પોતાના સ્વાભિમાનને જાળવો અને પોતાની યાચના એક કાગળ ઉપર લખીને મને આપી દો ઈન્શાઅલ્લાહ હું તમને રાજી કરી દઈશ" તે વ્યક્તિએ લખ્યું "મારી ઉપર ૫૦૦ દિનારનું દેવું છે અને જે વ્યક્તિએ મને ઉધાર આપ્યા છે તે હવે પોતાની રકમ પરત કરવા આગ્રહ કરે છે. મારી આપને વિનંતી છે કે હું તે રકમ એકત્ર કરી લઉ ત્યાં સુધીની મહેલત તે વ્યક્તિ મને આપે તેવી આપ તેને ભલામણ કરી દો.



ઈમામ હુસૈન અ.સ. તે લખાણ વાંચીને ઘરમાં અંદર તશરીફ લઈ ગયા અને એક થેલી કે જેમાં એક હજાર દીનાર હતાં તે લાવીને તે વ્યક્તિને આપી અને કહ્યું "ભાઈ ! આમાંથી ૫૦૦ દિનારમાંથી પોતાનું દેવું ચુકવી દે. અને બાકીના ૫૦૦ દિનાર પોતાની પાસે રાખ. જેથી જરૂરીયાતના ટાંણે તને ખપ લાગે. અને યાદ રાખો પોતાની યાચના ત્રણ પ્રકારના લોકો સિવાય અન્ય કોઈ વ્યક્તિ પાસે માંગીશ નહીં. એક તો



E-mail : hadimasik@yahoo.com

એવા વ્યક્તિઓ જે ધાર્મિક પ્રકૃતિના હોય, બીજા એવા વ્યક્તિઓ જે દાનવીર અને દયાળુ હોય, અને ત્રીજા એવા વ્યક્તિઓ જે શ્રેષ્ઠ કુળવાન હોય. (તોહફૂલ-ઉકૂલ-પા.નં.૨૪૫)

બીજો પ્રસંગ :

અનસ કહે છે કે "એક વખત હું ઈમામ હુસૈન અ.સ.ની સેવામાં બેઠેલો હતો ત્યારે એક દાસી ત્યાં આવી અને ફુલોનો એક ગુલદસ્તો ઈમામ અ.સ.ની સેવામાં અર્પણ કર્યો." ઈમામ અ.સ.એ ફરમાવ્યું "તને રાહે ખુદામાં (ખુદાના નામે) મેં આઝાદ કરી."

મેં અરજ ગુજારી "તે તો ફુલોનો એક ગુલદસ્તો માત્ર લાવી છે કે તેની એટલી કિંમત તો નથી કે આપ તેને આઝાદ કરી દો." ઈમામ અ.સ.એ ફરમાવ્યું "ખુદાએ આવો શિષ્ટાચાર જ અમને શીખવાડયો છે અને કુરઆનમાં ફરમાવ્યું છે, "વ-ઈઝા-હુયચિયતુમ-બેતહિય્યાતિન-ફહૈયુ-બે અહસના મિનહા-અવ-રૂદ-દૂહા" (સુરએ-નિસા-આયત-૮૬) અર્થાતઃ જ્યારે તમને સલામ કરવામાં આવે અથવા તમારી સાથે સદ્વ્યવહાર અને એહસાન કરવામાં આવે તો ત્યારે કાં તો તમે (પણ) તેને તેવો જ પ્રત્યુત્તર આપો અથવા તેનાથી ઉમદા રીતે જવાબ આપો (તેનાથી ઉમદા એહસાન કરો) અને તેના એહસાન અને સદ્વ્યવહારનો તેનાથી ઉમદા બદલો તો એ જ હોઈ શકે કે તેને આઝાદ કરી દેવામાં આવે (કશકુલ-ગમ્મા-ભા.૨ પા.નં.૩૧)






# નમાઝ દ્વારા સમગ્ર સૃષ્ટી ઉપર પ્રભુત્વની પ્રાપ્તિ

નમાઝની બરકતોમાંથી એક બરકત એ પણ છે કે નમાઝમાં નિયમિતતા વડે મનુષ્ય ધીમે ધીમે એક એક ડગલું આગળ વધીને સમગ્ર સૃષ્ટી ઉપર પ્રભુત્વ મેળવી લે છે.

**પ્રથમ ડગલું :** કુરઆનમાં અલ્લાહનો ફરમાન છે કે, "તકવા (પરહેઝગારી-ઈશ્વર પરાયણતા-અલ્લાહની બીક) મનુષ્યને નુરાનિયત (દિવ્યપ્રકાશ) અને દિવ્ય દ્દષ્ટી આપે છે. એટલે મનુષ્યને એવી દ્દષ્ટી આપે છે કે સત્ય અને અસત્યને પારખી શકે." (સુરએ ઈન્ફાલ-૨૯) એક અન્ય સ્થાને ઈર્શાદ છે કે "તેથી જ તકવા (પરહેઝગારી) કે જેમાં સૌથી મહત્વની બાબત ખુદાની બંદગી અને નમાઝ છે તે દિવ્યપ્રકાશ અને દિવ્યદ્દષ્ટીની દિશામાં એક પગલું છે." (સુરએ હદીદ-૨૮)

**બીજુ ડગલું :** જે લોકોએ અલ્લાહના માર્ગદર્શન (હિદાયત)નો સ્વીકાર કર્યો છે તેઓ સત્યની ધરી ઉપર આવી ગયા છે. (ત્યારે) પરવરદિગાર તેમના માટેના માર્ગદર્શનમાં વૃધ્ધિ કરી દે છે. તેમના માટે માર્ગદર્શનની


E-mail : hadimasik@yahoo.com

પ્રક્રિયા સતત ચાલુ રહે છે. કદી રોકાતી નથી. અને તેથી જ તેઓ પોતાની બંદગીને કારણે અલ્લાહના સામિપ્ય (તર્કરૂબ) અને પ્રગતિના સોપાન સર કરતા હોય છે અને (તેથી) તેમના અસ્તિત્વનો પ્રકાશ વધુ તેજસ્વી બની જાય છે." (સુરએ-મુહમ્મદ-૨૭)

**ત્રીજુ ડગલું :** "આ લોકો ખુદાના માર્ગે (ચાલવાના કાજે) મુશ્કેલીઓનો સામનો કરતા હોય છે અને કષ્ટ વેઠતા હોય છે. તેથી અલ્લાહ પણ તેમના માટે સંપુર્ણ લક્ષ્ય પ્રાપ્તી અને સર્વોચ્ચતાના તમામ માર્ગો પ્રશસ્ત કરી દે છે. (સૂરએ અન્કબૂત-૬૯)

**ચોથુ ડગલું :** "જ્યારે શયતાન તેમની પાસે આવવા માંગે છે (એટલે કે તેમને સત્યના માર્ગથી વિચલીત કરવા પ્રયાસ કરે છે.) ત્યારે આ લોકો તરત જ સમજી જાય છે (કે આ તો શયતાનનો પ્રયાસ છે) અને તરત જ ખુદાની શરણ શોધી લે છે અને તેની સમક્ષ પોતાના ગુનાહોની ક્ષમા યાચના કરવા લાગે છે. (સૂરએ-એઅરાફ-૨૦૧)

**પાંચમું ડગલું :** પોતાના વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ માટે અને અલ્લાહે જે બાબતો નિષિધ્ધ કરી છે જેનાથી અલિપ્ત રહેવા માટે અને ભૂંડી બાબતોથી બચવા માટે નમાઝ એક સર્વશ્રેષ્ઠ માર્ગ છે.





## ખાતેમુલ અંબિયા

## હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)

# જીવન પ્રતિબિંબ

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૭મી રબીઉલ અવ્વલ, દિવસ - શુક્રવાર, |
| સ્થળ | : | મક્કા શહેર, વરસ : સન ૧ આમુલ ફીલ |
| બે માસ પછી | : | સિરિયાથી મક્કા આવતી વખતે આપના પિતાજી જનાબ અબ્દુલ્લાહનું અવસાન થઈ ગયું. |
| ૬ઠ્ઠા વરસે | : | મદીનાથી મક્કા પરત આવતા આપની માતાનું અવસાન થઈ ગયું. |
| ૮મા વરસે | : | આપનું પાલન પોષણ કરનાર દાદા જનાબ અબ્દુલ મુત્તલિબનું અવસાન થઈ ગયું. |
| ૧૨મા વરસે | : | પોતાના કાકા જનાબ અબૂતાલિબ સાથે સિરિયાના પ્રવાસે ગયા. |
| ૧૫મા વરસે | : | પોતાના ઘરના લોકો સાથે ‘ફજાર’ ની લડાઈમાં શરીક થયા. |
| ૨૦મા વરસે | : | “હલફુલ-ફઝુલ”નામની સંધિમાં સામેલ થયા. |
| ૨૦મા વરસે | : | “અમીન” (થાપણને સાચવી રાખી પરત કરનાર) ના નામે પ્રખ્યાત થયાં. |
| ૨૫માવરસે | : | “ખાન એ કાઅબા” ની દિવાલમાં “હજરે અસવદ” પ્રસ્થાપિત કરીને મક્કાવાસીઓને ખૂનામરકીથી બચાવી લીધા. |
| ૪૦મા વરસે | : | ૨૧મી રજબના દિવસે રિસાલતનો એલાન કર્યો. |
| ૪૦મા વરસે | : | અલ્લાહે આપને આજ્ઞા આપી કે લોકોને ઈસ્લામ તરફ બોલાવો. સૌ પ્રથમ હઝરત અલી (અ.સ.) અને હઝરત ખદીજા આપના ઉપર ઈમાન લાવ્યા. |



E-mail : hadimasik@yahoo.com



**૪૫મા વરસે** : (સન-૫-બઅસત) ૨૦ જમાદિયુસ્સાનીના દિવસે આપની દિકરી જનાબ ફાતેમા (સલા.)નો જન્મ થયો.

**૪૭મા વરસે** : (સન-૭-બઅસત)કુરૈશવાળાઓએ આપનો બહિષ્કાર કર્યો અને આપની સાથે લેવડ-દેવડ બંધ કરી અને સંબંધ વિચ્છેદ કર્યો. તેથી આપ ચારે બાજુથી પાબંદીઓમાં ઘેરાઈ ગયા, આ બહિષ્કાર ત્રણ વરસ સુધી ચાલુ રહેલ.

**૫૦મા વરસે** : (સન-૧૦-બઅસત) હઝરત અબૂતાલિબ (અ.સ) અને હઝરત ખદીજા (અ.સ)ની વફાત થઈ. આપ તાઈપ શહેરમાં ગયા.

**૫૧મા વરસે** : (સન-૧૧-બઅસત) આપ મેઅરાજ ઉપર તશરીફ લઈ ગયા અને આકાશનો પ્રવાસ કર્યો.

**૫૩મા વરસે** : (સન-૧૩-બઅસત) કુરૈશના સરદારોએ આપના વધનું કાવત્રું રચ્યું.જે જગ્યાએ આ કાવત્રુ રચવામાં આવ્યું તે જગ્યાનું નામ"દારૂન નદવાહ" હતું.

**૫૩મા વરસે** : (સન-૧-હિજરી) આપ મક્કાથી હિજરત કરી મદીના ચાલ્યા ગયા. મદીનામાં આપે મસ્જિદ બંધાવી.

**૫૪મા વરસે** : (સન-૨-હિજરી) રજબના મહિનામાં મુસલમાનોનો કિબલો બૈતુલ મુકદ્દસને બદલે "ખાનએ કાઅબા" થઈ ગયો. મુસલમાનો અને કુરૈશના કુફ્ફારની વચ્ચે "બદર" ની લડાઈ થઈ. તેમાં મુસલમાનો જીત્યા.



**૫૫મા વરસે** : (સન-૩-હિજરી) ઓહદની લડાઈ થઈ.

**૫૭મા વરસે** : (સન-૩-હિજરી) મુસલમાનો અને કાફરો વચ્ચે ખંદકની લડાઈ થઈ. તેમાં પણ મુસલમાનો જીત્યા.

**૫૮મા વરસે** : (સન-૬-હિજરી) મુસલમાનો અને મુશરિકો વચ્ચે “હુદૈબિયાહ” માં સંધી થઈ. રસુલે ખૂદા (સ.અ.વ.) એ ઈરાન-રોમ-ઈજીપ્ત-હખશ-બેહરૈન અને જોર્ડનના સમ્રાટોને પત્ર લખી તેમને ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા આમંત્રણ આપ્યું.

**૫૯મા વરસે** : (સન-૭-હિજરી) મુસલમાનો અને યહુદીઓ વચ્ચે “ખયબર” ની લડાઈ થઈ. રસુલે ખુદા (સ.અ.વ.)એ જનાબ ફાતેમા (સલા.)ને “બાગે ફિદક” આપ્યું.

**૬૧મા વરસે** : (સન-૮-હિજરી) “તબૂક” ની લડાઈ થઈ.

**૬૨મા વરસે** : (સન-૧૦-હિજરી) પયગમ્બર (સ.અ.વ.) એ પોતાના જીવનની આખરી હજ કરી જેને “હજ્જતુલ વિદાઅ” કહેવામાં આવે છે. હજથી પાછા ફરતી વખતે હઝરત અલી (અ.સ.) ની વિલાયતની ઘોષણા કરી.

**૬૩મા વરસે** : (સન-૧૧-હિજરી) ૨૮ સફરના દિવસે રસૂલે ખુદા (સ.અ.વ.) ની વફાત થઈ.



E-mail : hadimasik@yahoo.com

# ટૂચકાઓ

## હસો હસાવો

એક જાડો વ્યક્તિ ટ્રેનની કેબિનમાં બેઠો હતો. તેને જોઈને એક વ્યક્તિએ જોરથી પૂછ્યું, "શું આ કેબિન માત્ર હાથી માટે જ છે."

જાડા વ્યક્તિએ વિનમ્રતાથી જવાબ આપ્યો "ના, તારા જેવા વાંદરા પણ બેસી શકે છે..."





સ્કૂલમાં પ્રિન્સીપાલ છોકરાઓની ટેસ્ટ લઈ રહ્યા હતાં... તેમણે પપ્પુને પ્રશ્ન પુછયો, "આ પક્ષીના માત્ર પગ જોઈને તેનું નામ બતાવ?"

પપ્પુ (જોઈને) : મને ખ્યાલ નથી...

પ્રિન્સીપાલ : તું ફેલ થઈ ગયો... તારું નામ શું છે ?

પપ્પુ : પગ જોઈને જાણી લો...

એક છોકરાને શિક્ષકે પૂછ્યું, શેરડીનો ઉપયોગ શું છે ?

છોકરો : ખબર નથી...

શિક્ષક : તો પછી તારા ઘરે ખાંડ છે, એ શેમાંથી આવે છે ?

છોકરો : એ તો બાજુવાળાના ઘરેથી આવે છે...



# આર્ટ ગેલેરી

**વહાલા બાળકો,**
**આપેલ ચિત્રને રંગ પુરીને સુંદર બનાવો.**





# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



જુનૈદ ઈબ્ને અબ્દુલસત્તાર

કોડીનાર તા. કોડીનાર જિ. જુનાગઢ




ગોવાની મુન્તઝીર

પાલીતાણા.



મો. તકી અબરાર હુસૈન ઈન્દોર.



ફઝલ અબ્બાસ મુનીર અ. રવજાણી રાજુલા સીટી.




**મો. અસકરી મીસમઅલી** વટવા.



**પંજવાણી સૈયદા હસનઅલી** મહુવા.



**સય્યદ અલી રઝા રીઝવી** વટવા.



**દવડા સોહેલ મુશ્તાકભાઈ** વસો.

# રબીઉલ અવ્વલ માસની ઘટનાઓ



**૧-રબીઉલ અવ્વલ :**

(૧) આજે અડધી રાત્રે સને ૧૧ હિજરીમાં પયગમ્બરે અકરમ (સ.અ.વ)ના જનાઝાને હઝરત અલી(અ.સ.) એ દફન કર્યો હતો.



(૨) આજે રાત્રે જ પયગમ્બરે અકરમ (સ.અ.વ) એ મક્કાથી મદીના તરફ હિજરત કરી હતી કેમકે કાફરો અને મુશરિકોએ આપને મારી નાંખવાના આશયથી આપના ઘરનો ઘેરો ઘાલ્યો હતો.



(૩) આજે રાત્રે જ આપણાં મૌલા અને આકા (અ.સ.)એ નબી (સ.અ.વ.)ની પથારી ઉપર સૂઈ જઈને વહાલા નબી (સ.અ.વ.)ના પ્રાણ બચાવ્યા હતાં. જેના બદલામાં ખુદાએ પોતાની મરજી મૌલાને આપી દીધી હતી અને ફરિશતાઓ થકી ઈમામ(અ.સ.) નું રક્ષણ કરાવ્યું હતું.



E-mail : hadimasik@yahoo.com




(૪) આજના દિવસે જ પયગમ્બર (સ.અ.વ.) સૂર નામની ગુફા - ગારે સૂરમાં પહોંચી ગયા હતાં અને પાછળથી ત્યાંથી જ મદીના તરફ પ્રયાણ કર્યું હતું.



(૫) આજના દિવસે જ મુસલમાનો (મુનાફિકો) એ હઝરત અલી (અ.સ.) અને શાહઝાદી ફાતેમા (સલા.) ના મકાન પર આગ અને લાકડાં એકત્ર કર્યા હતાં.



(૬) આજના દિવસે ઈમામ હસન અસ્કરી (અ.સ.) ને ઝેર આપવામાં આવ્યું હતું.



**-રબીઉલ અવ્વલ :**

રબલાના પ્રસંગ પછી સને ૬૪ હિજરીમાં આજના દિવસે જ ખાનએ-ાઅબાને ઉજાડી નાંખીને તેને આગ ગાડી દીધી હતી.



**૮-રબીઉલ અવ્વલ :**

સન ૨૬૦ હિજરીમાં આજના દિવસે જ ઝેરના અસરથી આપણા અગિયારમાં ઈમામની શહાદત થઈ હતી. આપની વય ૨૮ વરસની હતી.

### ૯-રબીઉલ અવ્વલ :



(૧) આજના દિવસે સને ૨૬૦ હિજરીમાં આપણાં બારમા ઈમામની ઈમામતનો આરંભ થયો હતો.

(૨) આજના દિવસે મુસલમાનોના બીજા ખલીફા ઉમર બિન ખત્તાબ મૃત્યુ પામ્યા હતાં.

(૩) આજના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ)નો એક કાતિલ ઉમર બિન સઅદ માર્યો ગયો હતો.

### ૧૦-રબીઉલ અવ્વલ :

(૧) આજના દિવસે આપણા નબી (સ.અ.વ.)ના પ્રથમ લગ્ન હઝરત ઝેહરા (સલા)ની વાલિદા જનાબ ખદીજા સાથે થયાં હતાં.





### ૧૭-રબીઉલ અવ્વલ :

(૧) આજનો દિવસ ખુશાલી મનાવવાનો સૌથી મોટો દિવસ છે કેમકે આજના દિવસે સન-૧ આમુલફીલ (હાથીઓવાળા વરસ)માં આપણા નબી (સ.અ.વ.) ની અત્યંત શુભ (બા બરકત) વિલાદત થઈ હતી.



(૨) સને ૮૩ હિજરીમાં આજના દિવસે ઈમામ સાદિક (અ.સ.)ની વિલાદત થઈ હતી.



E-mail : hadimasik@yahoo.com

# આપણા વહાલા નબી સ.અ.વ. ના અલકાબો જોડો




આપણા વહાલા નબી સ.અ.વ.ને અલ્લાહ તઆલાએ ઘણી ફઝિલતો અને બહુજ ઉંચો દરજજો આપ્યો હતો તેથી આપ સ.અ.વ. અલગ અલગ અલકાબો (નામો)થી પ્રસિધ્ધ થયા છે.

વહાલા બાળકો આ માસમાં આપણા વહાલા નબી સ.અ.વ.ની વિલાદત નિમિત્તે કેટલાક અલકાબ (નામો) આપેલ છે તેમાં ખાલી જગ્યા પુરીને પુરા કરો.

મુ _ _ ફા     સા _ ક

_ મી _     હ _ _

ખા _ _ લ     _ બી _ હ

_ _ ન     _ હા

મુ _ _ લ     મુ _ _ ર

સા _ બે     ફુ ર _ _

# જુઓ અને સમજો



આરામસે ખાના ખાઓ !!



ખેલકા મજા લો...



જ્યાદા બાત મત કરો !!



મીલ-ઝુલ કર રહો...



મગજકી કસરત કરો



આરામસે રહો



E-mail : hadimasik@yahoo.com



અપને હાથોકા કમાલ



ઈન્સાની વાહન

**ખાસ નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મૈંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોન: ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : ૯૮૨૪૨ ૧૬૪૭૦ |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**




**HADI MASIK**

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com**
**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

